રાજભવન, ગાંધીનગર
તા. ૦૭/૦૯/૨૦૧૫

**હેલ્થી એજિંગ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા વરિષ્ઠ નાગરિકોની આરોગ્ય સંબંધી સમસ્યાઓ અને નિવારણ અંગે પ્રસ્તુતીકરણ**

---

હેલ્થી એજિંગ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા વરિષ્ઠ નાગરિકોની આરોગ્ય સંબંધી સમસ્યાઓ અને તેના નિવારણના ઉપાયો વિશે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીની ઉપસ્થિતમાં એક પ્રસ્તૃતિકરણ રજૂ કરાયુ હતું.

આ કાર્યક્રમમાં ગાંધીનગર શહેર અને જિલ્લાની શાળાઓના આચાર્ય–જિલ્લાની સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ, આરોગ્ય અને શિક્ષણ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહયા હતા.

હેલ્થી એજિંગ ઈન્ડિયાના ડાõ. પ્રસુન ચેટરજી, જેઓ ઓલ ઈન્ડિયા મેડિકલ સાયન્સીઝ, નવી દિલ્હીના જેરીએટ્રીસિઅન છે, તેમણે વૃઘ્ધજનોની આરોગ્યલક્ષી સમસ્યાઓ અને તેના નિવારણના ઉપાયો વિશે જન જાગૃતિ કેળવવા માટે તેમની સંસ્થા જે કામગીરી કરી રહી છે, તેની રૂપરેખા આપી હતી. આ કામગીરીમાં ગાંધીનગર જિલ્લાની શાળાઓના વિદ્યાર્થીઓની સામેલગીરી થાય તે માટે આચાર્ય અને શિક્ષક તથા જનજાગૃતિ માટે સામાજિક સેવાભાવી સંસ્થાઓનો પ્રતિનિધિઓ સાથે તેમણે વિચારોનું આદાન–પ્રદાન કર્યું હતું.

રાજ્યપાલશ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકોના પ્રશ્નો બાબત સમાજમાં ચેતના આવે અને વૃધ્ધજનોનો સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓના ઉકેલ માટે શાળાના શિક્ષકો, સેવાભાવી સંસ્થાઓ તથા તબીબોએ તેમનું યોગદાન આપવું જોઈએ.

જયારે જિલ્લા કલેકટર શ્રી રવિશંકર વરિષ્ઠ નાગરિકોની આરોગ્યલક્ષી સમસ્યાઓના ઉકેલ માટે જન જાગૃતિ માટેના ઉપયોગી સૂચનો કરવા ઉપસ્થિત સૌને વિનંતી કરી હતી.

કાર્યક્રમમાં ગાંધીનગર વસાહત મંડળના પ્રમુખ શ્રી અરૂણ બુચ સહિત જિલ્લાની સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ, અગ્રણી નાગરિકો, વિવિધ શાળાના આચાર્યો, રાજ્ય સરકારના આરોગ્ય અને શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

---

પ્રેસ સચિવ